## વડીલોને વંદન અભિનંદન



આર.સી. રાવલ
(૧૯૫૯)

# સૌરાષ્ટ્ર - દ. ગુજરાતમાં મૂશળધાર વરસાદ


**માંગરોળમાં પાંચ અને ધરમપુરમાં ચાર ઈંચ વરસાદ : ડેમો છલકાયા : અમરેલીમાં ભારે વરસાદથી પૂલ તુટતા રંધોળા-સાનાડીયાનો રોડ બંધ કરી દેવામાં આવ્યો : અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ ૩.૨૭ ઈંચ નોંધાયો**

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહીત સમગ્ર રાજ્યમાં આજે પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદ પડતાં સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ ડેમોમાં જળ સપાટીમાં નોંધપાત્ર વધારો થયો હતો. આજે માધવપુરમાં ૪ ઈંચ, રાપરમાં ૨ ઈંચ, વેરાવળમાં અઢી ઈંચ, માળીયામાં ૩.૫ ઈંચ, માંગરોળમાં પાંચ ઈંચ, ધરમપુરમાં ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. અમરેલીમાં ભારે વરસાદથી પુલ તુટતાં રંધોળા-સાનાડીયાનો રોડ બંધ થઈ ગયો છે.

આજે સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. વેરાવળમાં બે કલાકમાં ૨.૫ ઈંચ, કચ્છના રાપરમાં બે કલાકમાં ૨ ઈંચ, માળીયામાં ૯૦ મીમી, માણાવદરમાં ૬૦ મીમી, માંગરોળમાં ૧૨૦ મીમી, ઉનામાં ૨ ઈંચ, વંથલીમાં ૧.૫ ઈંચ, કોડીનારમાં ૯૩ મીમી, વિસાવદરમાં ૪૭ મીમી, સુત્રાપાડામાં ૯૧ મીમી મેંદરડામાં ૫૫ મીમી, માધવપુરમાં ૪ ઈંચ, સુરતમાં ૧૦ મીમી, ચોર્યાસી ૨૫ મીમી, સાપુતારા ૨૫ મીમી, ધરમપુરમાં ૧૦૯ મીમી, ઉમરપાડામાં ૮૫, વલસાડમાં ૮૧ મીમી, વલ્લભ વિદ્યાનગરમાં ૩૮ મીમી અને દીવમાં ૪૫ મીમી વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં દિવસ દરમિયાન હળવા ઝાપટા પડ્યા હતા. જો કે વરસાદી પાણીને કારણે જશોદાનગર-હાથીજણનો રસ્તો અને જીવરાજ મહેતા હોસ્પીટલ પાસેનો રસ્તો બેસી ગયો હતો.

અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ આજ સુધીમાં ૩.૨૭ ઈંચ નોંધાયો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક સુધીમાં રાજ્યમાં એકાદ-બે સ્થળોએ અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. રાજ્યમાં ગુજરાત રીજીયન, દમણ, દાદરા-નગર-હવેલીમાં ઘણા સ્થળોએ મધ્યમથી ભારે ઝાપટા અને સૌરાષ્ટ્ર, કચ્છ અને દીવમાં કેટલાક સ્થળોએ મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૯૨ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૮૧ ટકા નોંધાયું હતું.



સેક્ટર-૨ ૩માં આવેલા એક મકાનના ધાબા પર ટીંટોડીએ ઈંડા મૂક્યા છે... લોકવાયકા પ્રમાણે ટીંટોડી જેટલી ઉંચાઈએ ઈંડા મૂકે તેટલો વધારે વરસાદ પડે... (તસવીર : દિપક જાની)

## આગામી ૨૪ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમ્યાન ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાત પર અપરએર સાયક્લોનિક સર્ક્યુલેશન હોવાને કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત દરિયો તોફાની બને તેવી સંભાવનાને પગલે રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં વસતા માછીમારોને માછી મારી કરવા માટે દરિયામાં ન જવા માટેની પણ ચેતવણી આપવામાં આવી છે.

સાયક્લોનિકલ સર્ક્યુલેશન સિસ્ટમના કારણે રાજ્યના હવામાનમાં પલટો આવવા સાથે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવા પામ્યો છે. આગામી ૨૪ કલાક દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે થી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# પ્રિ-મોન્સુન એક્શન પ્લાન સંપૂર્ણ નિષ્ફળ છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદમાં ચોમાસાના પ્રથમ વરસાદે મ્યુનિ. કોર્પોરેશનના પ્રિ-મોન્સુન એક્શન પ્લાનને નિષ્ફળ સાબીત કરી દીધો છે અને ડીસીલ્ટીંગ તથા કેંચપીટની સફાઈ અંગે તંત્ર દ્વારા જે આંકડા આપવામાં આવ્યા હતા તે તમામ બોગસ સાબીત થયા છે. એ તો કોંગ્રેસ પક્ષના નેતાઓ આક્ષેપ કર્યો છે વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે શહેરમાં વરસાદી પાણીની નિકાલ માટે પશ્ચિમ ઝોન, મધ્ય ઝોન, પૂર્વ ઝોન, ઉત્તર ઝોનમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવામાં આવી છે. તેમાં કેન્દ્ર સરકારની મદદથી છેલ્લા ૫ વર્ષમાં ૪૦૦ કરોડથી વધુ ખર્ચવામાં આવ્યા. દર વર્ષે ડીસીલ્ટીંગ પાછળ ૧૦ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યા છે.

આ એક તપાસનો વિષય છે કારણ કે વરસાદી પાણીના નિકાલ માટે જે નેટવર્ક તૈયાર કરવામાં આવે છે તેમાં કન્સલ્ટન્ટને ખૂબ જ મોટી રકમ ચૂકવવામાં આવે છે તેમ છતાં દિવસે-દિવસે સમસ્યા વધતી જાય છે. આ બાબતે તપાસ કરી જવાબદાર કન્સલ્ટન્ટ અને અધિકારીઓ સામે પણ પગલા ભગવા જોઈએ. શહેરમાં દરેક વિસ્તારમાં નાળા ઉપર ડામગરના રોડ બનાવવામાં આવ્યા છે તે રોડ દર વર્ષે તુટી જાય છે અને મોટા ભુવા પડવાથી દર વર્ષે લાખો રૂપિયાના ખર્ચે રિપેરીંગ કરાવવું પડે છે. તેમાં ખાસ કરીને અનુપમ સિનેમાથી ડાબી તરફ સુખરામનગર જતો રોડ, કાંકરિયાથી ભૈરવનાથ સુધીનો રોડ, પરિક્ષિતલાલનગરથી મેલડીમાતાના મંદિર સુધીનો રોડ આ તમામ રોડ જુના નાળાની ઉપર બનાવવામાં આવ્યા છે. તેમાં દર વર્ષે મોટા ભુવા પડે છે ઉપરાંત ૭૨" ની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન ઉપરનો રોડ દર વર્ષે આ રોડ પર ભુવો પડે છે. કારણ કે ૭૨"ની પાઈપ લાઈન કેમીકલ્સના પાણીના કારણે ખતમ થઈ ગઈ છે માટે વારંવાર ગાબડા પડે છે.

# વરસાદ વહેલો થતા વનવિભાગે વૃક્ષોનું વાવેતર શરુ કરી દીધું

**શહેરમાં વન વિભાગની આરક્ષિત જગ્યામાં રોપાઓની વાવણી માટે વનતંત્રની ટીમ કામે લાગી**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં વરસાદના વહેલા આગમનના પગલે વનતંત્ર દ્વારા પણ વૃક્ષોના રોપા ઉછેરવાના ટાઈમ ટેબલમાં ફેરફાર કરી દેવાયો છે. વહેલા વરસાદનો લાભ લેવા ચારેય તાલુકાઓમાં વાવેતર શરુ કરી દેવાયું છે. શહેરમાં પણ માર્ગોની આજુબાજુ સ્થિત વનવિભાગની આરક્ષિત જગ્યામાં ખાડા કરી રોપાઓનું વાવેતર શરુ કરી દેવાયું છે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતો ખેતપાકોની વાવણીમાં લાગી ગયા છે. જયારે વરસાદની પધરામણી થતા વનતંત્રએ પણ ટાઈમટેબલમાં ફેરફાર કરી આ સીઝનમાં મહત્તમ લાભ લેવા વૃક્ષોનું વાવેતર શરુ કરી દીધું છે. ચારેય તાલુકામાં અંદાજિત ૬ લાખથી વધુ રોપાઓ ઉછેરવાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં પણ મુખ્યમાર્ગો આજુબાજુની વનવિભાગની આરક્ષિત જગ્યામાં વૃક્ષોના રોપાઓનું વાવેતર શરુ કરી દેવાયું છે. લીમડા સહીતના વૃક્ષો ઉછેરવા વનતંત્રની ટીમ કામે લાગી છે. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વનવિભાગ દ્વારા આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે જૂનના અંતમાં વાવણીલાયક વરસાદ થઈ ગયા બાદ રોપાઓનું વાવેતર શરુ કરવાનું હતું પરંતુ મેઘરાજાની પધરામણી થઈ જતા વનતંત્રએ પણ તક ઝડપી લઈ હરિયાળી નિખારવા કવાયત હાથ ધરી છે. શહેરમાં રોપા 'ઘ' માર્ગ અને 'ચ' માર્ગ આસપાસની જગ્યાઓ તેમજ ઘ-૨ થી ચ-૨ તરફના માર્ગ ઉપર પ્લાન્ટેશન કરી દેવાયું છે. આગામી દિવસોમાં પણ આ ઝૂંબેશ યથાવત રાખવામાં આવશે.

## પ્રવેશોત્સવમાં કુલ ૫૬૫૩ બાળક શાળામાં પ્રવેશ લીધા

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૩ દરમિયાન ૨૮૫૭ કુમાર અને ૨૭૯૬ કન્યા સહિત કુલ ૫૬૫૩ બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જિલ્લામાં ધોરણ-૮માં ૧૭૫૦ કુમાર અને ૧૫૩૨ કન્યા સહિત કુલ ૩૨૮૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. શાળા કાર્યક્રમમાં ૨૨ કુમાર તથા ૨૩ કન્યા સહિત કુલ ૪૫ વિકલાંગ બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હોવાનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જાનીએ જણાવ્યું હતું.

# આજે આયોજન પંચની બેઠકમાં મુખ્યમંત્રી હાજર રહેશે

ગાંધીનગર, તા. ૧૭

દિલ્હી ખાતે આવતીકાલે મળનારી આયોજન પંચની બેઠકમાં હાજરી આપવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હી જશે.

દિલ્હી ખાતે આવતીકાલે આયોજન પંચના અધ્યક્ષપણા હેઠળ મળનારી આયોજન પંચની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ઉપસ્થિત રહીને ગુજરાતના વિકાસ મોડેલને રજુ કરીને કયા કયા ક્ષેત્રમાં ગુજરાતે છેલ્લા ૧૫ વર્ષમાં સાંધેલા વિકાસ અંગેનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરશે અને રાજ્યની વાર્ષિક યોજનાને પણ આયોજન પંચ સમક્ષ રજુ કરવામાં આવશે અને આગામી વર્ષ દરમ્યાન રાજ્યના વિકાસ માટેનો રોડમેપ પણ રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગોવા ખાતે મળેલી ભાજપ કારોબારીની બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા બાદ ૨૦મી જૂને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશમાં અયોધ્યા ખાતે રામલલ્લાના દર્શન કરવા જશે અને ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે તેવી ચર્ચાઓ વહેતી થવા પામી હતી.

જો કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે ૨૦મીના રોજ અયોધ્યા ખાતે જવાના નથી પરંતુ તેના સ્થાને તેઓ જમ્મુ નજીક જમ્મુ બોર્ડ ખાતે જશે.

## માંડલ-વિરમગામના ખેડૂતો આજે ટ્રેક્ટર રેલી યોજશે

ગાંધીનગર,તા. ૧૭

માંડલ-વિરમગામ પાસે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (સર) સ્થાપવાના રાજય સરકારના નિર્ણય સામે આ વિસ્તારના આક્રમક બનેલા ખેડુતોએ આવતીકાલે ટ્રેક્ટર રેલી યોજવાનો નિર્ણય કર્યો છે. આજે મંત્રીમંડળની બેઠક બાદ ખેડૂતોને સમજાવવાનો પ્રયાસ નિષ્ફળ જતા ખેડૂતો આંદોલન કરવા માટે મક્કમ બન્યા છે.

# ગાંધીનગર શહેર-જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ભારતના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને વિદેશ અભ્યાસ માટે વડોદરાના સરસયાજીરાવ ગાયકવાડે ૧૫મી જૂને મોકલેલ, જેને આજે ૧૦૦ વર્ષ થતાં તેની યાદગીરી અને તેના કાર્યોને યાદ કરી સમાજમાં ઉજાગર કરવા અનુસૂચિત જાતિ ભાજપ મોરચો ગાંધીનગર શહેર અને જિલ્લાના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

જેમાં ગુજરાત અનુ. જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન અને સનદી અધિકારી અને પૂર્વ કલેક્ટર શ્રી ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષપણા હેઠળ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજના ૪.૦૦ વાગે એક કાર્યક્રમ આવ્યો હતો. જે કાર્યક્રમમાં નગરના પ્રથમ નાગરિક એવા નગરપતિ શ્રી મહેન્દ્રસિંહ રાણા, દસાડા-પાટડીના ધારાસભ્ય શ્રી પુનમભાઈ મકવાણા, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર શહેર મોરચાના પ્રમુખશ્રી ડૉ. અન્જાન, ગ્રામ્યના પ્રમુખ શ્રી બળદેવભાઈ કટારીયા, શ્રી નારણભાઈ, મનપાના કોર્પેરટરશ્રી ગોવિંદભાઈ, સંદિપ જ્યોતિકર, રમીલાબેન, દર્શના અડાલજા, નરેશભાઈ રાઠોડ (દહેગામ) કામીનીબેન, શ્રી કે.આઈ. પટેલ, પ્રદીપ પરમાર તેમજ ગાંધીનગર શહેર જિલ્લાના ભાજપ મોરચાના હોદેદારો, ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહેલ.

સમારંભના અધ્યક્ષશ્રી ઝવેરભાઈએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના બાવલાને ફુલહાર ચઢાવી તેમનું સ્મરણ કરી ડૉ. બાબા સાહેબ આંબેડકરને વિદેશ અભ્યાસ માટે સરસયાજીરાવ ગાયકવાડે ૧૫મી જૂને મોકલેલ જેને ૧૦૦ વર્ષ થતાં ઉજવણીના ભાગરૂપે તેમના ઉમદા કાર્યોને ઉજાગર કરવા સમાજને હાંકલ કરી હતી. સયાજીરાવ ગાયકવાડની જેમ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ઉમદા પગલાં ભરી અનુ. જાતિ-જનજાતિના બાળકોને વિદેશ તેમજ પાયલોટ માટેની તાલીમ માટે રૂ. ૧૦ લાખથી ૨૦ લાખની લોન આપી ઉત્થાનની પ્રવૃત્તિ હાથ ધરેલ છે. તે તરફ પણ ધ્યાન દોર્યું.

ધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણા અને નગરપતિ શ્રી મહેન્દ્રસિંહરાણા, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલે પણ પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. બાબાસાહેબના કાર્યોને યાદ કરી ભાઈ-બહેનો તેમાંથી બોધપાઠ મેળવી બાળકોને શિક્ષણ તરફ વાળી આગળ ધપવા અપીલ કરી હતી.

# સસ્પેન્ડેડ આઈ.પી.એસ. સંજીવ ભટ્ટને નોકરીમાંથી બરતરફ કરવા ભલામણ

ગાંધીનગર, તા. ૧૭

વિવાદોમાં ઘેરાયેલા રહેતા ગુજરાતના સસ્પેન્ડેડ આઈ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટને નોકરીમાંથી બરતરફ કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્રને ભલામણ કરતાં સરકાર સામે બાંયો ચઢાવનાર અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના આઈ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટે રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી હતી. ગોધરાકાંડ બાદ થયેલા તોફાનોની તપાસ માટે રચાયેલ સીટ સમક્ષ તેમણે કેટલીક રજુઆતો કરતાં અને સરકારી દસ્તાવેજો લીક કરતાં તેમની સામે રાજ્ય સરકાર દ્વારા સંજીવ ભટ્ટને સસ્પેન્ડ કરવા સુધીના શીક્ષાત્મક પગલા ભર્યા હતા.

રાજ્ય સરકારે સસ્પેન્ડેડ આઈ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટ સામે વધુ શિક્ષાત્મક પગલાં ભરવા અને નોકરીમાંથી બરતરફ કરવા માટેની ભલામણ કરતાં કેન્દ્ર સરકારે આ ભલામણ યુપીએસસીને મોકલી આપવામાં આવી છે.

સંજીવ ભટ્ટને નોકરીમાંથી બરતરફ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રને કરાયેલી દરખાસ્તમાં ગુજરાત સરકાર દ્વારા કયા કયા કારણો દર્શાવવામાં આવ્યા છે તેમજ તેમની સામેની ખાતાકીય તપાસો અંગેની વિગતોની ચકાસણી કરવામાં આવ્યા બાદ યુ.પી.એસ.સી. દ્વારા કેન્દ્ર સરકારને સંજીવ ભટ્ટને નોકરીમાંથી બરતરફ કરવા કે અન્ય કોઈ શિક્ષાત્મક પગલા ભરવા એ અંગેની ભલામણ કરવામાં આવશે અને ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા આ અંગેનો આખરી નિર્ણય કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## શબ્દાવલી - ૫૦૯૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ■ | ૪ |
| ૫ | | ■ | | ■ | ■ | ૬ | |
| | ■ | ૭ | | | ૮ | | ■ |
| ■ | ૯ | | | ■ | ૧૦ | | ■ |
| ૧૧ | | | | ■ | ૧૨ | | ૧૩ |
| | ■ | | ■ | ૧૪ | ■ | ■ | |
| ૧૫ | ૧૬ | ■ | ■ | ૧૭ | | ૧૮ | |
| ૧૯ | | | | ■ | ■ | ૨૦ | |

**આડી ચાવી**

૧. ઉલટ પુલટ (૬)
૫. ભોણ, ઉંદર બનાવે તે (૨)
૬. કંટાળો લેવડાવે તેવા બાળકો (૨)
૭. હેરાનગતિ (૫)
૯. એક હથિયાર (૩)
૧૦. આ બે અક્ષરના શબ્દ આગળ 'સો' મુકવાથી સૂર્યસંચાલિત એવો અર્થ થાય (૨)
૧૧. માહિતીખાતા તરફથી જે સમાચાર મળે તેને... માહિતી કહેવાય (૪)
૧૨. ઝાટકો, સબાકો (૩)
૧૫. વિચાર, વૉટ (૨)
૧૭. ચિંતા, ફિકર (૪)
૧૯. ગોઠવણ, જોગવાઈ (૪)
૨૦. ઉકેલ (૨)

**ઊભી ચાવી**

૧. પેટ (૨)
૨. સ્તર, પડ (૨)
૩. ગાંધીનગર ગુજરાતનું... છે (૫)
૪. સત્તા હેઠળ..., હેઠળ (૨)
૬. કાપડ વેતરતા કટકા વધે તે (૪)
૭. કડવું પ્રવાહી (૪)
૮. પ્યાલો (૩)
૯. ભૂલ, ઠોકર (૨)
૧૧. સચવાયેલું, સાબુત (૪)
૧૩. અવાજ, શોર (૪)
૧૪. શ્રાપ (૨)
૧૬. એક સુગંધી ખાવાલાયક લાકડુ (૨)
૧૮. ખુબ સરસનો ઉદ્‌ગાર (૨)

### શબ્દાવલી ૫૦૯૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઘડાબુડ (૫) મરોડ (૭) વાંકુ (૮) થપાટ (૧૦) કળ (૧૧) લલકાર (૧૧) લલકાર (૧૪) તારણહાર (૧૬) તળ (૧૭) તમા (૧૮) રમખાણ (૨૦) નર્સ (૨૧) તરખાટ

**ઊભી ચાવી :-** (૧) ઘમસાણ (૨) ડારો (૩) બુડથલ (૪) આકુળવ્યાકુળ (૬) કટકા (૭) વાંક (૯) પાલનહાર (૧૨) રઘુ (૧૩) અરમાન (૧૪) તાત (૧૫) રમત (૧૬) તણખા (૧૯) ખાર

## ઉત્તરાખંડમાં ફસાઈ ગયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફસાયેલા યાત્રાળુઓમાં સામેલ હોવાથી ભાવિકોના પરિવારજનોમાં પણ ઉચાટ સાથે ચિંતાનું મોજુ પ્રવર્ત્યુ છે.

દેશના વિવિધ રાજ્યોમાં વરસાદી હેલી વરસતા કેટલાક ઠેકાણે પાણી-પાણી થઈ ગયું છે. વહેલા આગમન સાથે ઉગ્ર મિજાજનો પરચો આપી ચુકેલા મેઘરાજાએ ક્યાંક પૂર અને તબાહી પણ સર્જી દીધી છે. ઉત્તરાખંડ પણ ભયંકર વરસાદમાં ઘમરોળાતા આ વિસ્તારમાં મોટુ જળસંકટ ઉભું થયું છે. આવા કપરા સંજોગોમાં ચારધામના યાત્રાળુઓ પણ ફસાયા છે. ગંગોત્રીથી કેદારનાથ વચ્ચેના આ વિસ્તારમાં આભ ફાટતા ચોમેર વરસાદી પાણી ફરી વળ્યું છે. કુદરતી આફતની આ સ્થિતિ વચ્ચે ચારધામના યાત્રાળુઓ પણ અટવાઈ પડ્યા છે. ફસાયેલા યાત્રાળુઓમાં ગુજરાતના પણ ૪૦૦ ભાવિકોનો સમાવેશ થાય છે. ગાંધીનગર જય અંબે પરિવાર તેમજ સરઢવ રાંધેજાના મોટા બાર સમાજના કેટલાક સભ્યો પણ ચારધામની યાત્રા દરમિયાન જળસંકટના લીધે અટવાયા છે. મોટાબાર સમાજના અગ્રણી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારી ડી.આર. પટેલે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગંગોત્રી-કેદારનાથ વચ્ચે યાત્રાળુઓ અટવાયા છે. જો કે મોટાભાગના યાત્રિકો સલામત છે પરંતુ કેટલાકનો સંપર્ક થઈ શકતો નથી. બે દિવસથી લાઈટો ડૂલ હોવાના લીધે યાત્રાળુઓ પોતાનો મોબાઈલ પણ ચાર્જ કરી શકતા નથી. જેના લીધે કોમ્યુનિકેશન પણ થઈ શકતુ નથી. મોડી સાંજે કદમભાઈ નામના વ્યક્તિએ પણ યાત્રાએ ગયેલા તેમના મામા-મામીનો સંપર્ક થઈ શક્યો ન હોવાનું જણાવ્યું છે. ગાંધીનગરના યાત્રાળુઓ ફસાતા સ્થાનિક પરિવારજનોમાં ચિંતા અને ઉચાટ પ્રવર્ત્યો છે. ફસાયેલા યાત્રાળુઓમાં સે. ૨નો એક પરિવાર પણ સામેલ હોવાનું માલુમ પડ્યું છે.

# બોખીરીયાના રાજીનામાની માંગને લઈ ૨૦મીથી ધરણા

**૨૦થી ૨૭મી જૂન દરમિયાન જિલ્લા તેમજ તાલુકા મથકે ધરણા યોજી કલેક્ટરને આવેદનપત્ર પણ અપાશે : સૈયદ**

અમદાવાદ, તા.૧૭

રૂા. ૫૪ કરોડની ખનીજ ચોરીમાં સ્થાનિક કોર્ટ દ્વારા દોષિત જાહેર થયેલ ભાજપના મંત્રી બાબુ બોખીરીયાને મંત્રીમંડળમાંથી પડતા મુકવા અને બાકીની ૨૦૦ કરોડની ખનીજ ચોરીના બાબુ બોખીરીયા સામેના કેપડતર કેસમાં તાત્કાલીક કેસો નોંધાવી વિના વિલંબે કાનૂની કાર્યવાહી શરૂ કરવા તથા મંત્રી મંડળના અન્ય બાકીના દાગી સભ્યો સામેના આરોપોની તપાસ કરવા માટે લોકાયુક્તની નિમણૂંક માટે મુખ્યમંત્રી ત્વરિત કાર્યવાહી કરે તેવી માંગ સાથે રાજ્યના ૩૫ શહેર, જીલ્લા અને ૨૩૫ તાલુકા મથકે રાજ્યવ્યાપી ધરણાં-આવેદનપત્રના કાર્યક્રમની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી ખુરશીદ સૈયદે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં તા. ૨૦મીથી તા. ૨૭મી જૂન સુધીમાં દરેક જીલ્લા અને તાલુકા મથકે ધરણાં કરવા અને કલેક્ટર ડેપ્યુટી, કલેક્ટર મામલતદારો મારફત રાજ્યપાલને આવેદનપત્ર આપવા દરેક જીલ્લા તાલુકા પ્રમુખોને જણાવવામાં આવ્યું છે.

ખુરશીદ સૈયદે જણાવ્યું હતું કે સામાન્ય રીતે વર્તમાન પ્રધાન ઉપર સામાન્ય આક્ષેપ થાય તો પણ રાજીનામું આપવાની પરંપરા છે. દેશના કેન્દ્રીય પ્રધાનમંડળમાં પણ જ્યારે તકેદારી, આયોગ, કન્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયા કે લોકાયુક્ત જેવી સંસ્થાઓ કોઈપણ પ્રધાન વિરૂધ્ધ વ્યક્તિગત સંડોવણીનો અહેવાલ આપે તો પણ રાજીનામું અપાય છે. પ્રધાન સામે જ્યારે પોલીસ કેસ નોંધાય તેવા સંજોગોમાં પણ જ્યાં સુધી આ કેસ કોર્ટમાં ચાલીને નિર્દોષ સાબિત ન થાય ત્યાં સુધી પ્રધાનપદેથી રાજીનામું અપાય છે અથવા તો મુખ્યમંત્રી કે વડાપ્રધાન આવા પ્રધાનને પડતાં મુકે છે. બાબુ બોખીરીયાની સામેનો ખનીજ ચોરીનો આરોપ કોર્ટે સાબિત માનીને તેમને ત્રણ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ કરેલ છે. ત્યારે આવા મંત્રીને તાત્કાલીક પ્રધાનમંડળમાંથી પડતા મુકવા જોઈએ.

બાબુ બોખીરીયા આ ઉપરાંત પોરબંદર શહેરમાં બોખીરા-જ્યુબીલી વિસ્તારમાં દરરોજના ૫ લાખ લીટર પાણીની ચોરી પાણી પુરવઠાની પાઈપ લાઈનમાંથી કરતા હતાં. આ પાણીની ચોરી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જનતા રેડ કરીને પકડી પાડી હતી.

## ગંભીર રીતે ઘવાયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સારવાર હેઠળ છે અને તબીબોએ ૭૨ કલાક ગંભીર હોવાનું જણાવ્યું હોવાથી તેના મા-બાપ સતત આંસુઓ સારી રહ્યા છે.

રૂઘજીભાઈ અને મણીબેનનું સંતાન રાજેશ આમ તો તેમનો આધાર છે. તે ભણી-ગણીને આગળ વધે તે માટે મા-બાપ પેટે પાટા બાંધી બાળકને હોંશથી ભણાવે છે.

બાળકને હોંશથી ભણાવવા માટે પ્રવેશોત્સવ જેવા ઉત્સવોનું આયોજન સરકાર દ્વારા થાય છે પણ જર્જરિત શાળાઓ અને વર્ગખંડોની વાત વિશે તંત્ર મૌન સેવે એ વાત સૌને ખૂંચે છે. રાજેશ સાથેની આજની આ ઘટનામાં તંત્ર તેને તબીબી સારવાર અને સહાય મળે તે દિશામાં સઘન પ્રયાસો કરે તેવી લાગણી સૌ ધરાવે છે.

ગાંધીનગર શહેરની શાળાની જ જર્જરિતતાને લઈ તંત્રની ઉદાસીનતાએ આ નગરના શિક્ષણપ્રેમીઓના દિલ હચમચાવી દીધા છે.

## જાહેર નિવિદા

નાયબ બાગાયત નિયામકશ્રી હિંમતનગર કચેરીમાં સને ૨૦૧૩-૧૪ની ચાલુ વર્ષની કામગીરી માટે સાબરકાંઠા જિલ્લાના તાલુકા તથા અંતરિયાળ ગામો / ખેતરના વિસ્તારો સહિત બાગાયત ખાતાના વિવિધ કામો માટે સી.એન.જી. / ડીઝલ સંચાલિત બંધ બોડીની જીપગાડી પ્રકારના (નોન એસી) વાહન મોડેલ ૨૦૧૧ કે તે બાદના હોવા જરૂરી છે. વાહન મહિન્દ્રા બોલેરો/ સુમો / સ્પેસીયો ટવેરા વગેરે જેવા (ટેક્ષી પાસીંગ) ધરાવતા વાહન માલિકો પાસેથી વાહન માસિક ભાડેથી રાખવા માટે તા. ૨૬/૬/૨૦૧૩ સુધીમાં કચેરી સમય દરમિયાન રજી.એ.ડી.થી ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેના નિયત કરેલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરી પાસેથી તા. ૨૫/૬/૨૦૧૩ સુધી કચેરીના કામકાજના દિવસોમાં રૂ. ૨૫૦/- જમા કરાવવાથી મેળવી શકાશે. ટેન્ડર સંબંધી શરતો / બોલીઓ અત્રેની કચેરીએથી મેળવવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં.

**સરનામું :** નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, સી-બ્લોક, ભોંયતળીયે, હિંમતનગર

સહી/-
(એમ. એમ. પટેલ)
નાયબ બાગાયત નિયામક
હિંમતનગર

ક્રમાંક ના.માનિ/હિંમત/૧૨૭/૨૦૧૩